# A Synopsis

Of The Thesis to be Submitted for

## Ph.D. Degree in Gujarati

At The Maharaja Sayajirao University of Baroda, Vadodara

ધ મહારાજા  સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા

ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ થનાર શોધનિબંધની રૂપરેખા

**Research Topic for Ph.D.**

**"A Critical Study of Aniruddh Brahmbhatt's Creative and Critical Works"**

**"અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનાં સર્જન-વિવેચનનો સમીક્ષાત્મક અભ્યાસ"**


| **પ્રસ્તુતકર્તા** | **માર્ગદર્શકશ્રી** |
|---|---|
| ભાલિયા સંતોષકુમાર કાન્તીલાલ | ડૉ. ભરત પંડયા |
| Bhaliya Santoshkumar Kantilal | Dr. Bharat Pandya |

Department of Gujarati,

Faculty of Arts

The Maharaja Sayajirao University of Baroda,


July 2024

## શોધનિબંધની રૂપરેખા

મારા શોધનિબંધનો વિષય છે : **" અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનાં સર્જન-વિવેચનનો સમીક્ષાત્મક અભ્યાસ"** પ્રસ્તુત શોધનિબંધમાં સમાવિષ્ટ સર્વ પાસાંઓને યોગ્ય ન્યાય મળી રહે તેવા હેતુસર શોધનિબંધને ૦૭ પ્રકરણ અને ૦૪ પરિશિષ્ટોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. આ શોધનિબંધના પ્રકરણો અનુક્રમે નીચે મુજબ છે.

**પ્રકરણ-૧. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો જીવનસંદર્ભ**

**પ્રકરણ-૨. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું ચરિત્ર-સાહિત્ય**

**૨.૧. 'નામરૂપ'માં અભિવ્યક્તિકલા**

**પ્રકરણ-૩. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું કાવ્યવિશ્વ**

**૩.૧. રોમેન્ટિકભાવયુક્ત કવિતા**

**૩.૨. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતામાં પ્રકૃતિ**

**૩.૩. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતામાં મૃત્યુનું સંવેદન**

**૩.૪. ઈશ્વર વિષયક કવિતા**

**૩.૫. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતામાં આધુનિકતા**

**પ્રકરણ-૪. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું વાર્તાવિશ્વ**

**પ્રકરણ-૫. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું વિવેચન-સાહિત્ય**

**૫.૧. સૈદ્ધાંતિક વિવેચન**

**૫.૨. પ્રત્યક્ષ વિવેચન**

**૫.૩. ભારતીય સાહિત્યશાસ્ત્રમાં ગુણ અને રીતિની વિચારણા**

**પ્રકરણ-૬. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું સંપાદન અને પ્રકીર્ણ સાહિત્ય**

**સંપાદન સાહિત્ય**

**પ્રકીર્ણ સાહિત્ય**

**પ્રકરણ-૭.  ઉપસંહાર**

**પરિશિષ્ટ**

## પ્રકરણ : ૧

## અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો જીવનસંદર્ભ

પ્રસ્તુત પ્રકરણમાં આધુનિકયુગના સર્જક-વિવેચક અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જીવનસંદર્ભની સાધાર ચર્ચા કરી છે. ૧૧ મી નવેમ્બર ઈ. સ. ૧૯૩૭ માં પાટણમાં એક મધ્યમવર્ગીય કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. સર્જકના જન્મ-ઉછેર, શિક્ષણ અને સાહિત્ય ઘડતર, આંતર-બાહ્ય વ્યક્તિત્વ, પ્રકૃતિ અને પુસ્તક પ્રેમ, વ્યવસાય અને સાહિત્યયાત્રા, દાંપત્ય જીવન વગેરેની અહી ચર્ચા કરવામાં આવી છે. એક અધ્યાપક તરીકેના વ્યવસાય નિમિત્તે ગુજરાતનાં વિવિધ સ્થળોએ ભ્રમણ કર્યું. અનેક સાહિત્ય વિદ્વાનોના સંપર્કમાં આવ્યા જેનો લાભ  તેમની સાહિત્યિક પ્રવૃતિને મળ્યો છે. વ્યવસાય, દાંપત્ય જીવન, વાંચન રુચિ, સાહિત્ય સાથેનું જોડાણ, જુદી જુદી વ્યક્તિઓનો પ્રભાવ, સર્જક વ્યક્તિત્વ, સર્જક સાથે જોડાયેલી ઘટનાઓ, સાહિત્ય અને જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ, જેવા પાસાઓની ચર્ચા દ્વારા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જીવન સંદર્ભને  સ્પષ્ટ કરી આપ્યો છે. લ્યૂકેમિયા બીમારીનો ભોગ બન્યા પછી સતત મૃત્યુ સામે ઝઝૂમતા રહયાં અને મોતને હંફાવતા રહ્યા જેની પણ અહીં વિગતે ચર્ચા કરવામાં આવી છે.  આ માટે સામયિકો, અન્ય સાહિત્યિક લેખો, સંદર્ભગ્રંથો તેમજ અંગત પરિવારજનોની મુલાકાતનો આધારસામગ્રી તરીકે ઉપયોગ કર્યો છે.

## પ્રકરણ : ૨

## અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું ચરિત્ર-સાહિત્ય

ઈ. સ. ૧૯૮૧ માં પ્રગટ થયેલા ‘નામરૂપ’ રેખાચિત્ર સંગ્રહમાં વીસ જેટલા રેખાચિત્રો  સંગ્રહિત થયા છે. રેખાચિત્રના આરંભે ‘સ્વગત’ શીર્ષક હેઠળ સર્જકે એક કેફિયત આપી છે જે રેખાચિત્રોને સમજવા માટે મહત્ત્વની ભૂમિકા સમાન બની રહે છે. આ રેખાચિત્રોમાં આલેખાયેલા માનવીઓ લેખકના અનુભવવિશ્વ સાથે સંકળાયેલા છે, એની સ્મૃતિ છે અને એ વિલીન થાય એ પહેલા શબ્દરૂપ આપવાની લેખકની મથામણ રહી છે.  ‘બાબુ વીજળી’ થી માંડીને ‘ખોવાયેલા ભગવાન’ સુધીના તમામ રેખાચિત્રોમાં સમાજમાં જીવતા વિશિષ્ટ વ્યક્તિના જીવન પ્રસંગ કે પ્રસંગ સાથે સંકળાયેલ જે-તે વ્યક્તિની  સંવેદના કલાત્મક રીતે નિરૂપણ પામી છે. ગામડાના ગરીબ મધ્યમવર્ગના સંસ્કારોથી સંચિત અને માનવતાથી ભર્યાભાદર્યા વ્યક્તિઓની સૃષ્ટિ અહીં આકારીત થઈ છે. સર્જકે વ્યક્તિના સારા-નરસા બંને પાસાને

આલેખી નિરૂપિત રેખાચિત્રને જીવંતતા પ્રદાન કરી છે. ગ્રામ્યજીવનનું વાતાવરણ, જનમાનસ, ગ્રામ્ય સંસ્કૃતિ જીવનમૂલ્યોની ખેવના વગેરેની અનુભૂતિ કરાવતાં પાત્રો જેવા કે મૂળીમા, જીવીબા, કાશીમા આદિ રેખાચિત્રોમાં વ્યંગ, હાસ્ય, કટાક્ષનું નિરૂપણ થયું છે. આ પ્રકરણ અંતર્ગત દરેક રેખાચિત્રોની અલગ-અલગ સમીક્ષા કરવામાં આવી છે, સાથે 'નામરૂપ'માં અભિવ્યક્તિકલા' શીર્ષક હેઠળ લેખકે એક રેખાચિત્રકાર તરીકે દાખવેલી કલાત્મકતા સંદર્ભે સોદાહરણ ચર્ચા કરી છે. આમ, આ પ્રકરણ અંતર્ગત 'નામરૂપ' ગ્રંથની સમગ્રલક્ષી સમીક્ષા દ્વારા અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની રેખાચિત્રકાર તરીકેની છબીને પ્રાપ્ત તથ્યોને આધારે ઉઘાડી આપી છે.

## પ્રકરણ : ૩

## અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું કાવ્યવિશ્વ

ઈ. સ. ૧૯૮૩ માં પ્રગટ થયેલો તેમનો એક માત્ર કાવ્યસંગ્રહ 'કિમપિ' છે. જેમાં સિત્તેર મૌલિક અને સત્તાવન અનુવાદિત કાવ્યોનો સમાવેશ થાય છે. તેમાં ગીત, હાઇકુ, મુક્તક, સોનેટ આદિનો સમાવેશ થાય છે. તેમના કાવ્યોમાં નગર સંસ્કૃતિમાં શ્વસતા માનવીની વ્યથા અનુભવાય છે. કાવ્યસંગ્રહમાં વિષયનું વૈવિધ્ય ધ્યાનપાત્ર બને છે. શબરી, ગમે, દરિયે, સુંદરતમ્ હે, નજરું, ક્યારે જેવા કાવ્યોમાં આધ્યાત્મની અનુભૂતિ થાય છે. 'નથી જવું વેરાને, બોલીએ જરી, તું, આજ-૨ જેવા ગીતોમાં પ્રણયભાવનું આલેખન થયું છે. કાવ્યોમાં નિરૂપિત પ્રતીક-કલ્પનો કાવ્યમાં ધ્યાનકર્ષક નીવડ્યા છે. સૂરજ નવીન તેજના પ્રતીકરૂપે પ્રગટે છે તો પવન ગતિશીલતા સંદર્ભે આકર્ષે છે. બાવળનો વિષાદના પ્રતીક રૂપેનો પ્રયોગ પણ તેમના કાવ્યને નાવીન્ય પ્રદાન કરે છે. ગુજરાતી હાઇકુના પ્રયોગમાં કવિનું સ્થાન મોખરે રહ્યું છે જોકે સંખ્યાની દ્રષ્ટિએ વધારે હાઇકુ તેમણે લખ્યા નથી. આ પ્રકરણ અંતર્ગત કાવ્ય સંગ્રહમાં સમાવિષ્ટ કાવ્યોને વિષયાનુસાર જુદા જુદા વિભાગમાં વહેચીને ચર્ચા કરી છે. જેમાં પ્રકૃતિ, રોમેન્ટિક ભાવયુક્ત કવિતા, મૃત્યુ સંવેદન વ્યક્ત કરતી કવિતા, ઈશ્વર વિષયક કવિતા, અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કવિતામાં આધુનિકતા જેવા વિભાગમાં વહેચીને કાવ્યોની સમીક્ષા કરી છે. કાવ્યોમાં નિરૂપાયેલા ભાવસંવેદનો કવિને કલમે ક્લાકીય રીતે આકારીત થયા છે. કાવ્યમાં કવિની કલાત્મકતાને ધ્યાનમાં રાખીને કાવ્યોની ચર્ચા વિચારણા કરી છે. તેમના આ કાવ્યો સંદર્ભે અન્ય વિચારકોની વિચારણાને આવરી લઈને ચર્ચા કરી છે જેથી કવિ તરીકે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની છબીને ઉચિત રીતે ઉજાગર કરી શકાય.

## પ્રકરણ : ૪

# અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું વાર્તાવિશ્વ

ઈ.સ. ૧૯૮૨ માં પ્રગટ થયેલો એકવીસ વાર્તાઓને સમાવતો વાર્તાસંગ્રહ 'અજાણ્યું સ્ટેશન' કે જેમાં પ્રસંગચિત્ર, રેખાચિત્ર કે આત્મકથનાત્મકતા નજરે ચઢે છે. તેમની વાર્તાઓ જીવન તત્ત્વનો જુદો જ ઉન્મેષ પ્રગટ કરે છે. વાર્તાસંગ્રહની આગળ મૂકેલા નિવેદનમાં "રચનાઓને એમના વાર્તાસ્વરૂપ સુધી પહોંચાડવાની ક્ષમતાને અનુલક્ષીને ગોઠવવાનો પ્રયાસ કર્યો છે. અભ્યાસીઓ એ રીતે જોઈ આ રચનાઓને ઘટતો ન્યાય કરશે એવી આશા" નલિનીબેને વ્યક્ત કરી છે. લગ્નતિથિ, મોટી બહેન, માનવીનાં રૂપ, થર્મોમીટર જેવી વાર્તાઓમાં સામાજિક જીવનનું ચિત્ર અંકિત થયું છે. ગરીબી, શોષણ જેવી સમાજની વાસ્તવિકતાને વાર્તાઓનો વિષય બનાવી સરળ ભાષા સાથે રસપ્રદ આલેખન રીતે કર્યું છે. 'ઘરનો મોભ' અને 'કુકડિયો' જેવી વાર્તાઓ દક્ષિણ ગુજરાતનાં આદિવાસી જીવનની કરૂણ વાસ્તવિક્તાને આલેખે છે. વ્યવસાય અર્થે પરિભ્રમણના પરિણામે દક્ષિણ ગુજરાતનાં કેટલાંક ક્ષેત્રોનો અનુભવ તેમની આવી વાર્તાઓને ઉચિત પરિવેશ પૂરો પાડે છે તો જે-તે પ્રદેશનું વાર્તા પાત્ર એવી ભાષાના સ્તરને ઉચિત રીતે લેખકે જાળવ્યું છે. 'મોટી બહેન' વાર્તામાં માના મૃત્યુ અને ગરીબીને લીધે વેંઢારવી પડતી ઘરની જવાબદારી વચ્ચે જીવીનું પોતાના નાનકડા ભાઈ રાજુ પ્રત્યેનું સંવેદન અંતિમે પહોંચ્યું છે. 'ખેડુનો દીકરો' વાર્તામાં શહેરીકરણને લીધે ગ્રામ્ય અને ખેતરોનો બદલાતો પરિવેશ નાયકને ડંખે છે. 'થર્મોમીટર' વાર્તામાં ઘરજમાઈ તરીકે રહેતા શાંતનુની વ્યથાકથાને કલાત્મક રીતે, ઉચિત વસ્તુસંકલના દ્વારા ઉઘાડી આપી  છે.

પ્રસ્તુત પ્રકરણમાં 'અજાણ્યું સ્ટેશન' સંગ્રહની દરેક વાર્તામાં પ્રગટ થતી સર્જકની સર્જકતાને અનુલક્ષીને સમીક્ષા કરી છે, વાર્તાઓનું વસ્તુ, વસ્તુસંકલના, ભાષા જેવા વિવિધ વાર્તાઘટકતત્વો સંદર્ભે ધ્યાનપાત્ર બનતી સર્જકતાની સમીક્ષા કરીને વાર્તાકાર તરીકેની સિદ્ધિ, વાર્તાઓમાં જોવા મળતી કચાશો સંદર્ભે પણ નોંધ લીધી છે.

## પ્રકરણ : ૫

# અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું વિવેચન-સાહિત્ય

ગુજરાતી સાહિત્યમાં અને એમાંય ખાસ આધુનિકયુગમાં વિવેચન ક્ષેત્રે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું નામ જાણીતું છે. તેમની પાસેથી ચાર વિવેચન સંગ્રહો પ્રાપ્ત થયા છે, જેમાં

૧. અન્વીક્ષા

૨. ભારતીય સાહિત્યશાસ્ત્રમાં ગુણ અને રીતિની વિચારણા

૩. પૂર્વાપર

૪. સંનિકર્ષ

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું વિવેચન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. ગુજરાતી સાહિત્યમાં તેમના સમકાલીન વિવેચકોએ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના કાર્યની નોંધ લેતા વિવેચક તરીકેના કેટલાંક પાસાંઓને દર્શાવી આપ્યા છે. 'અન્વીક્ષા' એમનો પ્રથમ વિવેચન સંગ્રહ છે. જેમાં ચોવીસ લેખો છે જે પૈકી આઠ કૃતિલક્ષી અને કર્તાલક્ષી છે, જ્યારે પંદર ગ્રંથ સમીક્ષાના છે. 'પૂર્વાપર' એ 'જન્મભૂમિ' દૈનિકના 'અલપ ઝલપ'ની કોલમમાંથી પસંદ કરેલાં લખાણોનો સંચય છે. જ્યારે 'સંનિકર્ષ'માં નવલકથા, ટૂંકીવાર્તા, કાવ્યસ્વરૂપ વિશેના લેખો ખાસ ધ્યાનપાત્ર બને છે. '૧૯૪૫ પહેલાના ગુજરાતી સાહિત્ય વિવેચનના કેટલાંક પાયાના સંપ્રત્યયો' લેખમાં કવિતા માટેના અનિવાર્ય તત્ત્વ અંગેની ચર્ચા કરી વિવેચન પ્રવાહનો આલેખ દોરી આપવાનો પુરુષાર્થ કર્યો છે. યંત્ર સંસ્કૃતિના પરિણામ સ્વરૂપે થતી મૂલ્યો પર અસર 'સર્જાતા સાહિત્યમાં જીવનમૂલ્યની માવજત' એ લેખ અંતર્ગત કરી છે. 'એરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર : એક ભૂમિકા' કે જેમાં પ્લેટો એરિસ્ટોટલની વિચારણા રજૂ કરી છે. લોકસાહિત્યકાર મેઘાણીની લેખક તરીકેની સફળતા પાછળ આત્મસંતૃપ્તિ જેવા પાસાનું આકલન ' મેઘાણી શબ્દના સોદાગર' લેખ અંતર્ગત કરી એક લેખક તરીકે મેઘાણીની છબીને સ્પષ્ટ કરી આપી છે.' પદ્યનાટકની શોધમાં' આ લેખમાં રંગભૂમિમાં કવિતા નહિ પણ રંગભૂમિની કવિતા સિદ્ધ કરવાનો મનોરથ સર્જકે રાખવો જોઈએ એ વાતને સમર્થન રૂપ મહત્ત્વની કહી શકાય એવી વિચારણા રજૂ કરી છે. 'નર્મદની કાવ્યવિભાવના અને તેની કવિતા ઉપર તેની અસર' નર્મદના વિવેચક તરીકેના પાસાઓને વ્યવસ્થિત રીતે સઘન ચર્ચા દ્વારા તારવી આપે છે. 'શુદ્ધ નવલકથા-એક નોંધ' અને 'વસંત વિજય-ત્રણ મુદ્દા' જેવા લેખો ઉપરાંત અન્ય ગ્રંથ સમીક્ષાઓ આપી છે જે ધ્યાનપાત્ર બની રહે છે. પાશ્ચાત્ય, ભારતીય અને ગુજરાતી સાહિત્યકારો વિશેના લેખો પણ પ્રમાણમાં વિશેષ પ્રાપ્ત થાય છે. જેમાં તેમણે જે-તે સર્જકની છબીને ઉઘાડી આપી છે.

આ પ્રકરણ અંતર્ગત 'અન્વીક્ષા', 'પૂર્વાપર' અને 'સંનિકર્ષ' ગ્રંથોમાં સમાવિષ્ટ લેખોની સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ એવા બે વિભાગોમાં વહેંચીને સમીક્ષા કરી છે જ્યારે ભારતીય સાહિત્યમાં ગુણ અને રીતિની વિચારણા અલગ સ્વતંત્ર પુસ્તક હોય તેની સમીક્ષા અલગથી કરી છે. આ ઉપરાંત સામયિકોમાં સમાવિષ્ટ પ્રાપ્ત લેખો કે અન્ય ગ્રંથોમાં સમાવિષ્ટ લેખો કે જે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના ગ્રંથોમાં

સમાવિષ્ટ થયા નથી તેને પણ આવરી લઈને સમીક્ષા કરી છે જેથી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની સમગ્ર વિવેચન યાત્રાને ઉચિત ન્યાય મળી રહે.

## પ્રકરણ : ૬

## અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું સંપાદન અને પ્રકીર્ણ સાહિત્ય

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે સર્જનાત્મક સાહિત્ય, વિવેચન ઉપરાંત સંપાદન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. સ્વાધ્યાય શ્રેણી અંતર્ગત કર્તા, કૃતિ વિશેના કરેલાં સંપાદનો ખાસ નોંધનીય અને મહત્ત્વનાં બની રહ્યા છે. ગુજરાતી સાહિત્યના તજજ્ઞો પાસેથી લેખો મેળવી તેમણે આ સંપાદનનું કામ કર્યું છે. સંપાદન એટલે માત્ર ભેગું કરી દેવું એવી સામાન્ય માન્યતા છે પરતું સંપાદન વિશે વિચાર કરીએ ત્યારે સારા અને નબળા સંપાદનો પણ થતાં હોય, ઘણાં એવાય સંપાદનો થતાં હોય જે કશા મહત્ત્વ વિનાના હોય, સંપાદનનો વિષય, સંપાદકીય સૂઝ પણ મહત્ત્વની બનતી હોય છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે એક સંપાદકીય સૂઝ સાથે આ કાર્યને પાર પાડ્યું છે. આ ઉપરાંત અન્ય સાથે મળીને કેટલાંક સંપાદનો આપ્યા છે. સામયિકોએ ગુજરાતી સાહિત્યના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે ત્યારે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે 'વિશ્વમાનવ' સામયિકમાં મહત્ત્વની કામગીરી કરી તો 'કિમપિ' અને 'ભૂમિકા' સામયિકના સંપાદક તરીકે બહુમૂલું પ્રદાન કર્યું છે. તેમનાં સંપાદનો જોઈએ તો,

સર્જક પરની સંપાદિત સ્વાધ્યાય શ્રેણીઓ

૧. ઝવેરચંદ મેઘાણી ૨. મણિશંકર ભટ્ટ 'કાન્ત' ૩. રમણભાઈ નીલકંઠ

કૃતિ પરની સંપાદિત સ્વાધ્યાય શ્રેણીઓ

૧. કાન્તા ૨. સુદામાચરિત્ર ૩. પ્રેમાનંદકૃત 'કુંવરબાઈનું મામેરું'

આ ઉપરાંત અન્ય સાથે મળીને પણ કેટલાંક ઉત્તમ સંપાદનો કર્યા છે જેમાં સંચયિતા, જયંતી દલાલની પ્રતિનિધિ વાર્તાઓ, નાટક વિશે જયંતી દલાલ, પતીલના ચૂંટેલા કાવ્યો, ગુજરાતી વાર્તાઓ, એબ્સર્ડ વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકરણ અંતર્ગત સંપાદનના ઉપરોક્ત ગ્રંથોની ચર્ચા દ્વારા સંપાદક તરીકે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના કાર્યને મૂલવ્યું છે તો પ્રકીર્ણ સાહિત્ય અંતર્ગત અનુવાદ 'એરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર;

એક ભૂમિકા, પરિચય પુસ્તિકા ' એન્ટન ચેખવ', નિબંધિકા 'ચલ મન વાટે ઘાટે' ( ભાગ ૧ થી ૫ ), વાર્તિક 'ઋષિવાણી' જેવા ગ્રંથોની સમીક્ષા કરી છે.

## પ્રકરણ : ૭

## ઉપસંહાર

આ પ્રકરણમાં ઉપરનાં પ્રકરણોમાં તેમના સાહિત્ય વિશે મે કરેલા સમીક્ષાત્મક અભ્યાસને આધારે ગુજરાતી સાહિત્યક્ષેત્રે તેમણે કરેલાં પ્રદાન વિશેનાં નિરીક્ષણો વિગતે રજૂ કરવામાં આવ્યા છે. એક રીતે આ પ્રકરણ અંતર્ગત અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના જન્મથી માંડીને સાહિત્ય સર્જન, મૃત્યુ સુધીની ગતિવિધિ એટલે કે તેમનું સર્વાંગી મૂલ્યાંકન રજૂ કર્યું છે.

### પરિશિષ્ટ : ૧

- અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનાં ગ્રંથોની સૂચિ અહીં રજૂ કરવામાં આવી છે.

### પરિશિષ્ટ : ૨

- અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનાં વિવેચન ગ્રંથોમાં ગ્રંથસ્થ લેખો અને અન્ય પ્રકાશિત લેખોની સૂચિ

### પરિશિષ્ટ : ૩

- સંશોધન કાર્યને નક્કર ભૂમિકાએ રજૂ કરવા ઉપયોગમાં લીધેલ સંદર્ભગ્રંથો કે જેની સૂચિ રજૂ કરી છે.

### પરિશિષ્ટ : ૪

- અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના ગ્રંથોના ઉપલબ્ધ મુખ પૃષ્ઠોની છબી અહીં રજૂ કરેલ છે.